
ડિસેમ્બર ૨૦૧૦ દાદા ભગવાન પરિવારનું કિંમત રૂ. ૧૨/-

# અક્રમ એક્સપ્રેસ

## 'ના ગમતા'ની રામાયણ



# અક્રમ એક્સપ્રેસ

# 'ના ગમતા'ની રામાયણ

બાળમિત્રો,

'આ ગમે, આ ના ગમે', 'આ ભાવે, આ ના ભાવે', 'આ ફાવે, આ ના ફાવે' આવું તો રોજ આપણું ચાલ્યા જ કરતું હોય છે. અને એ અનુભવ પણ કર્યો જ છે કે જ્યારે ન ગમતું પરાણે કરવું પડે છે ત્યારે ભયંકર કંટાળો આવે અને અણગમો ઉત્પન્ન થાય છે. તો આ 'ન ગમતા'નો ઉપાય શું?

આ અંકમાં પરમપૂજ્ય દાદાશ્રીએ આપણી સામે જ્યારે 'ન ગમતું' આવે ત્યારે કઈ રીતે પોઝિટિવ રહેવું અને એડજસ્ટમેન્ટ લેવું એની સુંદર ચાવીઓ આપી છે.

તો ચાલો, આપણે પણ આ ચાવીઓ મેળવીએ અને દરેક સંજોગોમાં આનંદમાં રહીએ.

- ડિમ્પલ મહેતા

## અનુક્રમણિકા


દાદાજી કહે છે.................................... ૧

ના ગમતાં' ની રામાયણ......................... ૨

કાંકરા કે હીરા ?.................................. ૫

આ તો નવી જ વાત !.............................૧૦

ઐતિહાસિક ગૌરવગાથાઓ ..................... ૧૨

મીઠી યાદેં.........................................૧૪

બાળકો સાથે પૂજ્યશ્રી............................ ૧૫

જન્મજયંતિની ઝલક.............................. ૧૬

મારી સમજણ..................................... ૧૮



**તંત્રી તથા સંપાદક :**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૩, અંક : ૪
સળંગ અંક : ૨૮
**ડિસેમ્બર ૨૦૧૦**



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
**અમદાવાદ:**
(૦૭૯)૨૭૫૪૦૪૦૮,૨૭૫૪૩૯૭૯

**રાજકોટ ત્રિમંદિર :** ૯૨૭૪૧૧૧૩૯૩
**વડોદરા :** (૦૨૬૫) ૨૪૧૪૧૪૨
**મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧-૦૩
**U.S.A.**: ૭૮૫-૨૭૧-૦૮૬૯
**U.K.**: ૦૭૯૫૬૪૭૬૨૫૩
**Website:** kids.dadabhagwan.org



**Printed, Published and Owned by :**
**Dimple Mehta on behalf of Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.
**Published at Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh. Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printing Press:-**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૪૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાજી કહે છે...



ગમતું - ના ગમતું એ બે ભાગ છે. 'ગમતું' એટલે ઠંડક ને 'ના ગમતું' એટલે અકળામણ. આ ગમતું જો વધારે પ્રમાણમાં થઈ જાય તો તે પાછું અણગમતું થઈ જાય. દા.ત. તમને જલેબી ખૂબ ભાવતી હોય ને રોજ આઠ દિવસ સુધી જલેબી જ જમાડ જમાડ કરે તો તમને શું થાય?

પ્રશ્નકર્તા : તો પછી એ ના ગમે, કંટાળો આવે એનો. ખોરાકમાં પણ લાઈક-ડિસ્લાઈક, ગમે-ના ગમે એવું હોય છે ને?

દાદાશ્રી : ખરુંને ! એ દરેક વસ્તુમાં. 'નથી ભાવતું' કહ્યું એટલે શાકને રીસ ચઢશે, બનાવનારને રીસ ચઢશે. હું તો ઘણાં ફેર ના ભાવતું શાક હોય તે ખઈ લઉં ને પાછો કહું કે આજનું શાક બહુ સરસ છે.

પ્રશ્નકર્તા : એટલે 'ના ગમતું' હોય તોય એવું કહેવું કે ગમે છે?

દાદાશ્રી : હા, તો એ 'ના ગમતું' ભાગવા માંડે ને ! કડવી દવા પીવી ફાવતી જ નથી, પછી શું કરે?

પ્રશ્નકર્તા : નાક પકડીને પીવડાવવી જ પડે.

દાદાશ્રી : હા, નાક દબાવે ત્યારે દવા લેવી પડે ત્યારે એના કરતાં પાંસરી રીતે પીને. ભણવાનુંય ના ગમે આ લોકોને તો. નિશાળમાં જવાનું, ટાઢમાં નીકળવાનું ગમતું હશે? જવું જ પડે ને? પથારીમાંથી ઊઠવાનુંય ના ગમે.

પ્રશ્નકર્તા : મનેય સવારે ઊઠવાનું ગમતું જ નથી.


દાદાશ્રી : કોઈનેય ના ગમે. પણ ઊઠ્યા વગર છૂટકો જ નહીં ને! ચાલે જ નહીં.

બિલકુલ મનને ના ગમતું હોય, સો ટકા ના ગમતું હોય, તોય આપણે કહીએ, 'મને ગમે છે' એટલે એવો જ આત્મા થઈ જાય.



ફક્ત માનવતા ખલાસ કરી નાખે એ ચીજ ના ગમવી જોઈએ આપણને. દા.ત. કોઈ આપણને દારૂ પીવાનું કે માંસાહાર કરવાનું કહે તો એને ગમતું કરવાનું એવું નહીં. એ 'ના ગમતુ' જ રાખવાનું.

# 'ના ગમતાં' ની રામાયણ



રાતના સાડા અગિયાર વાગ્યા હતા. બંસીની આંખો એકદમ લાલ થઈ ગઈ હતી. એને બગાસા પર બગાસા આવતા હતા. બાજુમાં બાપુજી હેય મજાના નસકોરા બોલાવતા ઊંઘી ગયા હતા. બંસીને પણ સૂઈ જવાનું ખૂબ જ મન થતું હતું, પણ ક્યાંથી સૂવાય? લેશન તો બાકી હતું.

બંસી બારીમાંથી બહાર જોઈ મનમાં બોલ્યો, ''આખી દુનિયા આરામથી સૂઈ રહી છે. અરે ! ફળિયામાં પેલી ભૂરી ભેંસ પણ ઘસઘસાટ ઊંઘી રહી છે અને હું અહીંયા લેશન પતાવવામાં પડ્યો છું. ક્યારે પતશે આ ?'' કચવાતા મને, અણગમા સાથે, મહાપરાણે બંસી એનું લેશન કરી રહ્યો હતો. એક કલાકનું લેશન પૂરું કરવામાં એણે ત્રણ કલાક કાઢ્યા. છેવટે રાતના બે વાગે એ લેશન પતાવીને સૂતો.

જેટલો કંટાળો એને લેશન કરવામાં આવતો હતો એનાથી વધારે કંટાળો એને કામ કરવામાં આવતો. બંસીના બાપુજીનો ખેતીનો વ્યવસાય હતો. વાવણીના સમયે બાપુજીને ખેતરમાં મદદની જરૂર પડતી. ત્યારે તેઓ બંસી અને એના નાના ભાઈ-બહેનને નાનું મોટું કામ સોંપતા.

બંસીના નાના ભાઈ-બહેન તો આરામથી, હસતા-રમતા ગીતો ગાતા ગાતા એમનું કામ પતાવી દેતા પણ બંસીને કામ કરવાનો અતિશય કંટાળો આવતો. કામ કરવાના સમયે, જાણે પગમાં ગુંદર ચોંટી ગયો હોય એમ એના પગ જમીન પર ચોંટી જતા. ખેતર તરફ વધતા જ નહીં. આખરે બળજબરીથી એ ખેતરે જતો અને કામમાં મદદ કરતો, કારણ કે બાપુજી આગળ કોઈની ચૂં-ચા ચાલતી નહોતી.

બા ઘણી વાર બંસીને પ્રેમથી સમજાવતી, ''બેટા, જે કામ તારે કરવાનું જ છે, એને 'ના ગમતું' શું કામ રાખે છે ? છેવટે માર ખાઈને પણ એ કામ તારે કરવું જ પડે છે, એના કરતા રાજી-ખુશીથી કરવું શું ખોટું ? તું એ કામને ગમતું કરી નાખ ને, તો પેલું 'ના ગમતું' ભાગવા માંડે.''

''પણ 'ના ગમતું' હોય, એને એવું કેવી રીતે કહેવાય કે ગમે છે ?'' બંસી દલીલ કરતો બોલ્યો. બા બંસીને ઘણું સમજાવતી પણ બંસીને બાની વાતનો



સ્વીકાર ન થતો.

એક દિવસ બંસી નિશાળેથી આવ્યો ત્યારે બાપુજી અને પાડોશવાળા રામુકાકા ભૂરી ભેંસને દવાખાને લઈ જઈ રહ્યા હતા. ભૂરી સમજી ગઈ કે એને દવાખાને લઈ જવામાં આવે છે. એને કોઈ પણ હિસાબે દવાખાને નહોતું જવું. માટે એ પગ ઊપાડતી જ નહોતી, આગળ ખસતી જ નહોતી. બાપુજી એને આગળથી ખેંચતા હતા અને રામુકાકા એને પાછળથી મારતા હતા.

આ જોઈ બંસીએ બાપુજીને પૂછ્યું, ‘‘બાપુજી, ભૂરીને કેમ મારો છો?’’

બાપુજીએ કહ્યું, ‘‘જોને, ચાલતી જ નથી. એને દવાખાને આવવું નથી પણ આવવું તો પડશે જ ને. અંતે માર ખાઈનેય આવવું પડશે, એના કરતા સીધી રીતે આવે તો ખેંચવીય ન પડે અને મારેય ન ખાવો પડે.’’

આ સાંભળીને બંસીને બાના શબ્દો યાદ આવ્યા. જે શબ્દોની એણે હંમેશા અવગણના કરી હતી તેનો





પ્રત્યક્ષ દાખલો એણે આજે જોયો. ભૂરીને માર ખાતા જોઈ એને દયા આવી. પોતાની હાલત પણ ભૂરી જેવી જ છે એવું એને સમજાયું. અંતે એ માર ખાઈને જ દવાખાને પહોંચી.

બીજા દિવસે બાપુજીએ જ્યારે બાળકોને ખેતરે કામ માટે બોલાવ્યા ત્યારે બંસીને ફરી કંટાળો આવ્યો. પણ તરત એની આંખો સામે ભૂરી તરવરવા લાગી. એને મનમાં થયું, ''હું કંઈ ભૂરી જેવો અણસમજુ છું ? કામ કરવા તો જવું જ પડશે. તો પછી અણગમા સાથે શું કરવા જઉં ?'' એણે નક્કી કર્યું કે આજથી હું કોઈ પણ કામ 'મને ગમે છે' એમ રાખીને જ કરીશ. અને એ ખેતરે ગયો.

આજે એને કામ કરવાનો બિલકુલ કંટાળો ના આવ્યો. ઊલ્ટું, એણે પણ એના ભાઈ-બહેનની જેમ હસતા-રમતા કામ પતાવી દીધું. જે કામ કરવામાં એને ઘણો સમય લાગતો, એ કામ આજે ઝડપથી પતી ગયું.

ઘરે આવીને બંસીએ બાને કહ્યું, ''બા, તું સાચું જ કહેતી હતી. આજે મેં ખેતરમાં બધું કામ 'મને ગમે છે' એવું રાખીને કર્યું તો ખૂબ સરળતાથી પતી ગયું.''

બાએ કહ્યું, ''બહુ સરસ. હવેથી કાયમ આવું રાખજે. લેશન કરતી વખતે પણ 'મને ગમે છે' એવું જ રાખજે.''

બંસીએ બડાઈ મારતા કહ્યું, ''ફક્ત લેશન જ નહીં, હવેથી દરેક કામ માટે એવું જ રાખીશ.''

આ જોઈ બાએ બંસીની ટીખળ કરતાં હસીને કહ્યું, ''સારું, તો જલ્દી જલ્દી લેશન પતાવી, મને ઘઉં વીણવામાં મદદ કરવા આવી જા.''

''શું.......??'' બંસી બાને રસોડામાં જતા જોઈ રહ્યો.


# કાંકરા કે હીરા ?



ક્લાસ ચાલુ થઈ ગયો હતો પણ હજુ અંદર અંદર બધા ગુસપુસ કરી રહ્યા હતા.
આજે બધાએ 'હું મોટો થઈને શું બનીશ' એના પર નિબંધ લખવાનો છે.
આ બધાનો શું અર્થ છે ? ક્યારેક નિબંધ લખવાના, ક્યારેક ગણિતના દાખલા ગણવાના તો ક્યારેક જૂની પૂરાણી વાતો શીખવાની. કોને પડી છે ?
સ્કૂલ પછી,
તું શેના પર નિબંધ લખવાનો છે ? તારો મોટો થઈને શું બનવાનો વિચાર છે?
ખબર નહીં, યાર. અને આ નિબંધ લખવાનું કામ તો મને સહેજેય ગમતું નથી. એટલું કંટાળાજનક છે ! પણ જેમ તેમ કરીને પતાવવું જ પડશે.


સાંજે અસીમના ઘરે, વિપુલ અંકલ અને આંટી જમવા આવ્યા હતા.
શું થયું અસીમ, ક્યાં ખોવાયેલો છે ? કોઈ ચિંતા છે તને ?
હા અંકલ, ટીચરે આજે એક ત્રાસદાયક કામ આપ્યું છે. 'હું મોટો થઈને શું બનીશ' એના પર નિબંધ લખવાનો છે.
તને ખબર છે બેટા, મારા પત્રકારના વ્યવસાયમાં મારે ઘણી વાર આવા લેખો લખવાના હોય. પણ મને એ લખવાની બહુ મજા આવે છે.
મજા! કેવી રીતે? એમાં શું મજા આવે?
નિબંધ એ તો આપણા વિચારો દર્શાવવા માટેનું એક ઉચ્ચ માધ્યમ છે. નિબંધ લખવાથી આપણી વિચારવાની અને વિચારોને વ્યક્ત કરવાની આવડત ખીલતી જાય છે.
પણ હું શું લખું ? અંકલ, તમારા વ્યવસાય વિષે થોડી વાત કરોને.


પત્રકારના વ્યવસાયમાં મને નવી નવી જગ્યાએ જવાની અને નવા નવા લોકોને મળવાની તક મળે. કેટલી બધી વાર વિવિધ ક્ષેત્રોની સફળ વ્યક્તિઓના ઈન્ટરવ્યૂ લેવા મળે, જેથી એમની વિચારશ્રેણી અને એમના દૃષ્ટિકોણ જાણવા મળે. આના કારણે આપણી દૃષ્ટિ અને વિઝન પણ ખીલે.
અને પછી તો બે કલાક સુધી અંકલે એમના વ્યવસાયની બધી વાતો કરી. નિબંધ કેવી રીતે લખવો એના મુદ્દાઓ પણ આપ્યા. અસીમને ખૂબ રસ પડવા લાગ્યો. એને ખબર પણ ના પડી કે ક્યારે એના નિબંધ લખવા માટેના મુદ્દાઓ તૈયાર થઈ ગયા.
થોડા દિવસ પછી,
યાર, પેલા નિબંધનું કામ ક્યાં સુધી પહોંચ્યું ?
મારો નિબંધ તો લખાઈ ગયો. પહેલી વાર મને નિબંધ લખવાની મજા આવી. નિબંધમાં જે ગ્રેડ મળે તે, પણ ખરેખર મને ઘણું શીખવા મળ્યું.
મોટો થયા પછી અસીમ પણ એક સફળ પત્રકાર બન્યો. એને ઘણા પુરસ્કાર મળ્યા. આ વ્યવસાયમાં રસ જગાડવા માટે એ વિપુલ અંકલ અને એના ટીચર પ્રત્યે ખૂબ આભારી હતો.


કેરિયર પ્લાન સેમિનાર
એક દિવસ, અસીમને એની જૂની હાઈસ્કૂલ તરફથી એક સેમીનાર માટે બોલાવવામાં આવ્યો.
બાળકો, સેમીનાર શરૂ કરતા પહેલા મારે તમને એક વાર્તા કહેવી છે.
રાતનો સમય હતો. દસ-પંદર માણસોનું ટોળું એક ગામથી બીજે ગામ જઈ રહ્યું હતું.
ત્યાં તો અચાનક આકાશવાણી થઈ.
કાલે આખો દિવસ કાંકરા ભેગા કરજો. રાત્રે તમને મારા સંદેશનો ઉદ્દેશ ખ્યાલ આવશે.


અમુક લોકોએ એ સંદેશાનું ખરા દિલથી પાલન કર્યું અને આખો દિવસ કાંકરા ભેગા કર્યા. પણ અમુક લોકોને એ કામ કંટાળાજનક લાગવાથી એમણે એક પણ કાંકરો ભેગો ન કર્યો. રાત પડી ત્યારે બધાને ખબર પડી કે કાંકરા હીરા બની ગયા છે. જે લોકોએ સંદેશનું પાલન ન કર્યું એમને ખૂબ અફસોસ થયો.
પણ એમને ખબર હોત કે કાંકરા હીરા થઈ જવાના છે, તો એ લોકોએ પણ ભેગા કર્યા હોત.
હા, ખરી વાત છે. એ લોકોને તો એવી ખબર નહોતી. પણ આજે તમને ખ્યાલ આવે એટલા માટે કહું છું કે આ બધું હોમવર્ક અને ભણવાનું તમને પણ કદાચ કાંકરા ભેગા કરવા જેવું કંટાળાજનક લાગતું હશે. પણ આજે જો તમે તમારું કામ સરસ રીતે અને રસપૂર્વક કરશો તો તમારું ભવિષ્ય પણ નિશ્ચિત રૂપે હીરાઓથી ભરેલું ઉજ્જવળ હશે !
બધાને વાર્તા એટલી ગમી કે ભણવા પ્રત્યેનો કંટાળો દૂર થઈ ગયો. એ દિવસથી એ શાળાના વિદ્યાર્થીઓ મન દઈને રસપૂર્વક ભણવા લાગ્યા.


# આ તો નવી જ વાત !

જે તમને ના ગમે, તેના ભયની શરૂઆત થઈ જાય અને જે ગમ્યું તેનો ભય ઊડી જાય. દા.ત. જે ટીચર તમને ન ગમતા હોય એમનો ભય લાગે. ગમતા ટીચરનો ભય ના લાગે.





એ 'ના ગમતું' જ્યારે 'ગમતું' થાય ત્યારે શક્તિ આવે, નહીં તો શક્તિ ના આવે. દા.ત. ઠંડા પાણીથી નાહવાનું ન ગમતું હોય પણ એક વાર એના ફાયદા જાણી લીધા અને અંદર ગમતું થઈ ગયું એટલે પછી ઠંડા પાણીથી નાહવાની શક્તિ ઊભી થાય.



આપણને જે ના ગમતું હોય એ બીજાને ના આપવું. દા.ત. કોઈ આપણું અપમાન કરે એ આપણને ન ગમતું હોય તો આપણે કોઈનું અપમાન ન કરવું જોઈએ.

કોઈ માણસ ના ગમતો થઈ ગયો તો એ માણસ માટે મનમાં પ્રતિક્રમણ કર્યા કરવા પડે, જોડે જોડે એ મહાન ઉપકારી છે, પાંચ-પચ્ચીસ વખત બોલ બોલ કરવાથી આંટી ઊકલી જાય. પછી વ્યવહાર સરસ થાય.





# ઐતિહાસિક

ગયા અંકમાં આપણે જોયું કે મહાબલ રાજા એમના છ મિત્રો સહિત દીક્ષા લીધી. છએ મિત્રોએ એક સરખું તપ કરવાનું નક્કી કર્યા છતાં મહાબલ રાજાએ કપટ કરીને એમના છએ મિત્રો કરતા વધુ તપ કર્યા. આથી તેઓ બીજા જન્મમાં કુંભરાજાને ત્યાં મલ્લિકુંવરી તરીકે સ્ત્રી દેહે જન્મ્યા. હવે આગળ વાંચીએ.

મલ્લિકુંવરીના રૂપની બરાબરી કરી શકે એવું ત્રિલોકમાં કોઈ ન હતું. આ બાજુ મહાબલ રાજાના છએ મિત્રોએ જુદા જુદા રાજ્યના રાજાને ત્યાં કુંવરરૂપે જન્મ લીધો. છએ કુંવર યુવાન થતાં રાજા બન્યા. યોગાનુયોગ છએ રાજાઓ પાસે મલ્લિકુંવરીના રૂપના વખાણની વાત પહોંચી. છએ રાજાઓએ કુંભરાજા પાસે મલ્લિકુંવરીનું માંગું કરવા દૂતને મોકલ્યા.

છ-છ રાજાઓ પાસેથી મલ્લિકુંવરીનું માંગું આવતાં કુંભરાજા ચિંતામાં પડી ગયા. બધાને ના પાડી દેતા છએ રાજાઓએ મિથિલા નગરી પર ચડાઈ કરી. મલ્લિકુંવરીએ અવધિજ્ઞાનના બળથી પોતાના પૂર્વ ભવના છ મિત્ર રાજાઓને ઓળખી લીધા. એમણે એમના પિતાને કહ્યું, ''તમારે યુધ્ધ કરવાની જરૂર નથી. તમે એ બધાને ખાનગી ખબર આપો કે તમે એકલા આવો. તમને સંતોષ થશે તેવું કરીશું. બીજી બધી વ્યવસ્થા હું કરી લઈશ.'' કુંભરાજાએ મલ્લિકુંવરીના કહેવા મુજબ કર્યું.

આ બાજુ મલ્લિકુંવરીએ છએ મિત્રોને ધર્મ તરફ વાળવા પોતાના પિતાને કહી પોતાના શરીર પ્રમાણે જ અને પોતાની આકૃતિ મુજબ એક પ્રતિમા તૈયાર કરાવી. પ્રતિમાને ઉપરથી ઢાંકણું કરાવ્યું જેને સુવર્ણ કમળથી ઢાંકી દીધું. કલાકારે એવી પ્રતિમા તૈયાર કરી કે જોનાર તો એમજ માને કે આ મલ્લિકુંવરી પોતે જ ઊભી છે. મલ્લિકુંવરી રોજ ખોરાકનો એક કોળિયો પ્રતિમામાં નાખ્યા પછી ખોરાક લેતા.

સાથે સાથે મલ્લિકુંવરીએ એક જાલીઘર તૈયાર કરાવ્યું. જેના મધ્ય ભાગમાં પેલી તૈયાર કરાવેલી પ્રતિમા



મૂકાવી. જાલીઘરને છ બારણાં મૂકાવ્યા. છએ બારણે બેઠેલા માણસો મલ્લિકુંવરીની પ્રતિમા જોઈ શકે પણ એકબીજાને ના જોઈ શકે.

હવે છએ રાજા એકબીજાથી છાનામાના આવીને કુંભરાજાની સૂચના અનુસાર જાલીઘરના બારણાઓમાં ગોઠવાઈ ગયા અને મલ્લિકુંવરીની પ્રતિમાને સાચે જ મલ્લિકુંવરી ઊભા છે તેમ માની તેની સામે એકીટસે જોવા લાગ્યા. મલ્લિકુંવરીએ પાછળથી આવી પ્રતિમાના ઉપરના ભાગનું મસ્તકનું સુવર્ણકમળવાળું ઢાંકણું દોરીથી ખેંચી લીધું. ઢાંકણું ખુલ્લું થતાં અસહ્ય દુર્ગંધ બહાર આવી. દુર્ગંધ સહન ન થતાં છએ રાજાઓએ પોતાનાં મોઢા ફેરવી નાખ્યાં.

એ વખતે મલ્લિકુંવરીએ આગળ આવીને છએ રાજાઓને સંબોધીને કહ્યું, ''આ તમે જે જુઓ છો તે તો પ્રતિમા છે. તેમાં રોજ અનાજનો એક કોળીયો પડે છે. તેની આવી અસહ્ય દુર્ગંધ તમે અનુભવો છો. તો પછી જે શરીર હાડ, માંસ, લોહી, પરૂ, મળમૂત્રથી જ બંધાયું છે તેવા આ શરીરમાં પણ રોજ ખોરાકના કોળિયા જાય છે તેવા શરીર પર તમને કેમ મોહ થાય છે ? વિવેકીજનો તો આવા શરીર પર જરાયે રાગ ન કરે. હે રાજાઓ ! તમે છએ ગયા ભવમાં મારા મિત્રો હતા તે કેમ ભૂલી ગયા છો ? એ યાદ કરો.''

# ગૌરવગાથાઓ

આ સાંભળી છએ મિત્રોને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વભવ યાદ આવવા) થયું. એમને વૈરાગ્ય આવ્યો. છએ રાજાએ મલ્લિકુંવરીનો ઉપકાર માની, કુંભરાજા પાસે ક્ષમાયાચના કરી. પોતપોતાના સ્થાને ગયા.

સમય જતાં મલ્લિકુંવરીએ દીક્ષા લીધી. એ જ દિવસે એમને કેવળજ્ઞાન પ્રગટ થયું. મલ્લિનાથ પ્રભુએ દેશના આપી ત્યારે છએ રાજાઓ હાજર હતા. તેઓએ પણ દીક્ષા લીધી અને આત્મકલ્યાણ કર્યું.

આ મલ્લિકુંવરી એ જ આપણા ઓગણીસમાં તીર્થંકર શ્રી મલ્લિનાથ ભગવાન.

# મીઠી યાદેં



દાદાના દેહવિલય પછી નીરુમા, દાદાનું અક્રમવિજ્ઞાન લોકો સુધી પહોંચાડવા માટે શહેરોમાં તો જતાં જ, પણ ગામડાઓમાંય જતાં. નીરુમાને અંદર ખૂબ જ રહેતું કે જ્યાં જ્યાં હજી લોકોને દાદાની ઓળખાણ નથી થઈ ત્યાં દાદાનું વિજ્ઞાન પહોંચાડવું છે. આમ નીરુમાએ સૌથી પહેલી શરૂઆત ગામડાઓથી કરી.

તે વખતે કંઈ ગાડી ન હતી તેથી તેઓ ગામે ગામ છકડામાં, જીપમાં, અને ગાડામાંય બેસીને જતા. છકડામાં ને જીપમાં તો કેટલા ખીચોખીચ લોકોને બેસાડે ! ઉનાળાની ભારેખમ ગરમીમાંય નીરુમા એવા છકડામાં બેસીને જતા. એમને મન તો એર કન્ડિશન ગાડી હોય કે છકડો હોય, એમાં કોઈ ફેર નહીં. બસ, દાદાનું જ્ઞાન પહોંચાડવા નીકળી જ પડેલા. એમાં નથી જોયા ટાઢ-તડકો કે નથી જોયા સુખ-આરામ. છતાં જ્યારે જુઓ ત્યારે નીરુમા આનંદમાં જ દેખાય.

એક વાર નીરુમા એક નાના ગામડામાં ગયા. પહેલાના જમાનામાં તો આવા નાના ગામડાઓમાં ઘરમાં બાથરૂમકે ટોઈલેટની સગવડ ન હતી. બહાર મોટો હોલ હોય અને અંદર નાનો રૂમ હોય. એ નાના રૂમમાં પાછી નાની ચોકડી હોય, ત્યાં જ નહાવા-ધોવાનું હોય. અને ચોકડી ના હોય તો ત્યાંના લોકો તો કુવા પાસે ગમે ત્યાં નાહી લે. નીરુમા પહેલી વાર ત્યાં ગયા હતા. એક બ્રહ્મચારી બેન એમની સાથે હતા. નીરુમાને જ્યારે નહાવું હતું ત્યારે બધા રૂમમાંથી બહાર નીકળી ગયા. નીરુમાના નાહી લીધા બાદ જ્યારે બ્રહ્મચારી બહેન અંદર ગયા ત્યારે નીરુમાએ એમને કહ્યું, ‘‘આ તો કેટલો મોટો રૂમ જેવડો બાથરૂમ છે. બોમ્બેમાં આટલા મોટા બાથરૂમ હોય ? અહીં જલસા જ છે ને, જોને.’’

ટોઈલેટ જવું હોય તો એ બહાર ખુલ્લામાં જવું પડે. બે-ત્રણ જણ સાથે જાય. ત્યાંય નીરુમા કહે કે, જો કેટલી વિશાળ જગ્યા છે ! આપણે ત્યાં તો નાના ટોઈલેટ હોય.

જોયું મિત્રો, જ્ઞાનીને ક્યાંય ગમતું - ના ગમતું હોય જ નહીં. એ બધી જ જગ્યાએ એડજસ્ટમેન્ટ લઈ પોઝિટિવમાં જ હોય.

# બાળકો સાથે પૂજ્યશ્રી



પ્રશ્નકર્તા : મને મૃતદેહનો ડર લાગે છે, હું શું કરું ? જ્યારે હું કોઈના અગ્નિસંસ્કારમાં જાઉં, તો ત્યાં મને મૃતદેહને જોઈને ડર લાગે છે અને મને એમ થાય કે તે જીવતો થઈ જશે તો, એ ચાલવા લાગશે, કુદવા લાગશે અને બધું કરવા લાગશે તો એવો મને ડર લાગે છે.

પૂજ્યશ્રી : ખરેખર, આવું ક્યારેય બન્યું છે ખરું ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : હવે જ્યારે તું ન્હાય છે ત્યારે બધા મેલા કપડાં કાઢીને નવા ચોખ્ખા કપડાં પહેરે છે ને ? તો શું મેલા કપડાંને જોઈને તને ડર લાગે છે ?

પ્રશ્નકર્તા : ના.

પૂજ્યશ્રી : કેમ ?

પ્રશ્નકર્તા : કેમ કે મને ખબર છે કે તે કોઈ મારું નુકસાન કરવાના નથી.

પૂજ્યશ્રી : બસ, તો આ તેના જેવું જ છે. આત્મા જૂના, ગંદા કપડાં છોડીને નવા કપડાં પહેરે છે. તો આપણે શા માટે મૃતદેહનો ડર રાખવો કે જે ગંદા કપડા બરાબર છે ? આપણે જે પહેરીએ છીએ એ પણ કપડું છે અને આ દેહ તે આત્માનું કપડું છે. તું શુદ્ધાત્મા છું અને શુદ્ધાત્મા એ શરીરથી જુદો છે. માટે શરીર એ શુદ્ધાત્માના કપડાં છે. આપણે જૂના કપડાં કાઢીએ છીએ ત્યારે આપણને ખબર છે કે આપણને નવા કપડાં મળવાના જ છે. તેવી જ રીતે દરેક આત્મા જૂના કપડાં (દેહ) છોડી, નવા કપડાંમાં જાય છે. આ જૂના કપડાં (દેહ) બાળી દેવામાં આવે છે અને તેને નવા બનાવવામાં આવતા નથી. આ જૂના કપડાં છે તે કાંઈ બધાને હેરાન કરવાના નથી, આપણી માન્યતા અને કલ્પનાઓ જ આપણને ભોગવટા આપે છે. ખરેખર કાંઈ જ થવાનું નથી, કેમ કે એ મરેલી વસ્તુઓ છે.







# રાજકોટ જન્મજયંતિ કિડ્સ



















# પાર્ક-પ્રદર્શનની ઝલક















Akram Express

December 2010
Year : 3, Issue : 4
Conti. Issue No.: 28

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/09-11
valid up to 31-12-2011
LPWP Licence No. CPMG/GJ/27/2009-2011
valid up to 31-12-2011
Posted at AHD. P.S.O. Sorting Office Set-1
on 08th of every month

# મારી સમજણ



એક મહિનાના ઉનાળાના વેકેશનમાં સિમલા, કુલુ-મનાલી ફરીને રાખી એના મમ્મી, પપ્પા અને ભાઈ અનુરાગ સાથે પાછી આવી. બધા બહુ ખુશ હતા. એના પપ્પા ઘર ખોલી સામાન અંદર મૂકવા લાગ્યા. પણ રાખી તો દરવાજા પર જ ઊભી રહી ગઈ. ''ઓહ નો, ઘર કેટલું ગંદું થઈ ગયું છે અને કેવી ગંદી વાસ આવે છે !'' કહેતા એણે મોઢું બગાડ્યું. એની મમ્મીએ કહ્યું, ''એ તો મહિનાથી બંધ હોય એટલે આવું જ થાય. સફાઈ કરીશું પછી પહેલા જેવું જ થઈ જશે. ચાલ, જલદી ડ્રોઈંગ રૂમમાંથી કચરો વાળી કાઢ.'' રાખીએ ફરી મોં બગાડતા કહ્યું, ''છી, આવામાં કચરો કાઢવાનું મને ન ગમે.'' આ સાંભળી એની મમ્મીએ કહ્યું, ''તો જ્યાં સુધી સફાઈ ન થાય ત્યાં સુધી બહાર જ ઊભી રહેજે.''

અહીંયા રાખીએ શું કરવું જોઈએ ? કઈ સમજણ ગોઠવવી જોઈએ ?

# ઉખાણા

ફળની અંદર રસ, રસની અંદર પડ,
પડની અંદર ફળ, એ ફળના બે પડ,
ગરમ કરો, એ પડ તો તડમાં ય જડ,
કહેશો દોસ્તો, તો કયું એ ફળ ?

લાંબી લાંબી લાકડીયું,
ને કાળુ કાળુ માથુ
ચાલીશ પચાસ ભેળા રહે,
પણ એક એક અજવાળતું

બે લાકડી બન્ને સરખી,
બંધ થતા એક લાગે
અંદર વચ્ચે ગોળાકારે ખાંચ,
વચ્ચે ચાંચ ને જોડતા કાચ

જવાબી :- ૧) કેરી, કેરીનીગોટલી ૨) દિવાસળી ૩) ચશ્મા

## અક્રમ એક્સપ્રેસના વાર્ષિક સભ્યો માટે સૂચના

આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **#** હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. **AGIA4313 #** અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં **# #** હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.**

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

Printer, Publisher and Owner - Mr. Dimple Mehta on behalf of Mahavideh Foundation, Editor - Mr. Dimple Mehta, Printing Press **Amba offset:-** Parshwanath Chembers, Usmanpura, Ahmedabad-14 and published at Mahavideh Foundation, 5, Mamtapark Society, Bh. Navgujarat College,Usmanpura, Ahmedabad-14.